


| | |
|---|---|
| પ્રાર્થના | Prathna - Prayer |
| સ્તુતિ – અર્હન્તો ભગવંત ઇન્દ્રમહિતા | Stuti - Arhanto Bhagvant Indra Mahita |
| અર્હન્તો ભગવંત ઇન્દ્રમહિતા; સિધાશ્ચ સિદ્ધિસ્થિતા, | Arhanto Bhagvant Indra Mahita; Siddhaash-ch Siddhistita, |
| આચાર્યા જિનશાસનોન્નતિકરા; પૂજ્યા ઉપાધ્યાયકા, | Acharya Jinsaasano-natikara; Pujya Upaadhaay-ka. |
| શ્રી સિદ્ધાન્તસુપાઠકા મુનિવરા; રત્નત્રયારાધકા, | Shri Siddhaant-supaathka Munivara; Ratnatrayaradhka, |
| પંચૈ તે પરમેષ્ઠીન: પ્રતિદિનં કુર્વન્તુ વો મંગલમ્. | Panchay Te Parmeshthinaha, Pratidinam; Kurvanto Vo Mangalam. |







| | |
|---|---|
| **શ્રી સરસ્વતી દેવી સ્તુતિ** | Shri Sarasvati Devi Stuti |
| શ્રી શ્રુતદેવી સરસ્વતી ભગવતી, હમકો વર દેના, | Shri Shrutdevi Sarasvati Bhaghvati, Hamko Var Dena, |
| જીવન કી બાંસુરી મેં દેવી, શ્રધ્દા સ્વર ભર દેના, | Jivan Ki Bansuri Me Devi, Shraddha Svar Bhar Dena, |
| સમ્યગ જ્ઞાનકા દીપ જલાકર, મનકા તિમીર હટાના, | Samyag Gyan Ka Deep Jalaakar, Man Ka Timir Hataana, |
| ના ભૂલેના ભટકે માતા, ઐસી રાહ બતાના. | Na Bhulena Na Bhatke Mata, Aiisi Raah Bataana. |
| | |
| **શ્રી સરસ્વતી દેવી મંત્ર** | Shri Sarasvati Devi Mantra |
| ૐ ઐમ્ નમ: | Om Aiim Namah! |


નમસ્કાર (નવકાર) મંત્ર
Namaskar (Navkar) Mantra
નમો અરિહંતાણં
Namo Arihantanam
નમો સિદ્ધાણં
Namo Siddhanam
નમો આયરિયાણં
Namo Ayariyanam
નમો ઉવજ્ઝાયાણં
Namo Uvajjhayanam
નમો લોએ સવ્વ-સાહૂણં
Namo Loe Savva Sahunam
એસો પંચ-નમુક્કારો
Eso Pancha Namukkaro
સવ્વ પાવ-પ્પણાસણો
Savva Pavappanasano
મંગલાણં ચ સવ્વેસિં
Mangalanam Cha Savvesim
પઢમં હવઈ મંગલં
Padhamam Havai Mangalam

| | |
|---|---|
| ગુરુ વંદન | Guru Vandan |
| ૧.ખમાસમણ (પંચાંગ પ્રણિપાત) સૂત્ર | 1.Khamasaman Sutra (Panchaang Pranipaat) Sutra |
| ભાવાર્થ: ભગવાન અને આધ્યાત્મિક ગુરુનું બહુમાન કરવા માટે પહેલાં બે ખમાસમણાં દેવામાં આવે છે. | Significance: Two Khamasamana are performed to pay respect to Bhagwan and the spiritual master (Guru) |
| ઊભા રહી, હાથ જોડીને બોલવું: | In standing position, hands folded say: |
| ઇચ્છામિ ખમાસમણો! | Ichchhaami khama-samano! |
| મસ્તક ઝુકાવી કમરથી નમીને બોલવું: | Then bending the head and bowing down to the waist say: |
| વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ | Vandium Javanijjaae Nisihiae |
| પંચાગ પ્રણિપાત પ્રણામ કરી હાથની અંજલિ, મસ્તક અને ઢીંચણ જમીન પર રાખી બોલવું: | Offering khamasamna of 'Panchaang Pranipaat' i.e. touching the ground with our forehead, with folded hands touching to the knees, say: |
| મત્થએણ વંદામિ | Matthaen Vandaami |
| | |
| હે, ક્ષમાના ભંડાર મુનિરાજ, હિંસાદિક પાપો તરફ જતાં મારાં મન, વચન, કાયાની પ્રવૃત્તિઓને રોકી લઈ, સર્વ શક્તિઓનો ઉપયોગ કરી, હું આપને મસ્તક વડે વંદન કરવા ઇચ્છું છું. | Oh! Holy, forgiving master! To the best of my ability, discarding all sinful activities and bowing down to you, I want to pay my respect to you. |

| ૨.ઇચ્છકાર સૂત્ર | 2. Ichchhakaar Sutra |
|---|---|
| ઇચ્છકાર! સુહરાઈ? (બપોરે ૧૨.૦૦ વાગ્યા પહેલાં બોલવું) | Ichchakaar! Suha-raai? (To recite before 12.00 noon) |
| અથવા સુહદેવસી? (બપોરના ૧૨.૦૦ વાગ્યા પછી બોલવું) | or Suha-devasi? (To recite after 12.00 noon) |
| સુખતપ? શરીર નિરાબાધ? | Sukha–tap? Sharira Niraabaadh? |
| સુખ સંજમ જાત્રા નિર્વહો છો જી? | Sukh-Sanjam Jaatra Nirva-ho Chho Ji? |
| સ્વામી! શાતા છે જી? | Swaami! Shaata Chhe Ji? |
| ભાત પણીનો લાભ દેજો જી. | Bhaat Paani-no Laabh Dejo Ji |
| હે ગુરુજી! આપની ઇચ્છા હોય તો પૂછું? આપની રાત્રિ સુખેથી વીતી હતી/ આપનો દિવસ સુખેથી વીત્યો છે? આપની તપશ્ચર્યા સુખેથી થાય છે?. આપના શરીરે પીડા નથીને? ચારિત્ર (ધર્મરૂપી) યાત્રાનો નિર્વાહ સુખેથી થાય છે ને? આપને શાતા છે ને? આહાર-પાણીનો લાભ આપશોજી. | Oh! Guruji! If you allow me, please can I ask? Hope you were comfortable during the night / during the day. Are you able to perform your austerity in peace? Hope you are not in pain? Are you able to follow the path of righteousness with satisfaction? Are you well? Please allow me to serve you the alms (food and water). |
| ભાવાર્થ: આધ્યાત્મિક ગુરુજીના ધર્મરૂપી યાત્રા દરમ્યાન તેમને શાતા પૂછવા માટે આ સૂત્ર બોલવામાં આવે છે. | Significance: This sutra is recited to enquire about the welfare of the spiritual master during his journey on the path of righteousness |

| પાંચ અભિગમ ચાલું | | Five Abhigams continued..... |
|---|---|---|
| ૧. સચિત્ત ત્યાગ | | 1. Sachit Tyaag |
| ૨. અચિત્ત ગ્રહણ | | 2. Achit Grahan |
| ૩. ઉત્તરાસંગ | | 3. Uttarasang |
| ૪. અંજલિ | | 4. Anjali |
| ૫.પ્રણિધાન | | 5. Pranidhaan |
| | | |
| પાંચ અભિગમ (દેરાસરમાં સાચવવાના નિયમો) | | Five Abhigams (Rules to be followed in the Derasar) |
| અભિગમ (અભિ = સન્મુખ ગમ = જવું) એટલે ભગવાન પાસે જતાં (દેરાસરમાં) વિનયરૂપે સાચવવાના નિયમ. | | Abhigam (abhi = in the direction gam = to go) means, the rules and respectful conduct to be followed while going to and being within the temple. |

| પાંચ અભિગમ ચાલુ........... | Five Abhigams continued……… |
|---|---|
| ૩. ઉત્તરાસંગ | 3. Uttarasang |
| દેરાસરમાં પ્રવેશ કરતાં પહેલાં પૂરૂષો ખભે ખેસ રાખે અને બહેનો માથે ઓઢે તે ત્રીજા પ્રકારનો વિનય છે. દેશ-કાળ અનુસાર પહેરવેશમાં યથાકચિત ફેરફાર ભાવિકો કરતા હોય છે, પણ કપડાં સ્વચ્છ અને મર્યાદા પૂર્વક હોવા જોઈએ. | Before entering the temple, draping an uttarasang or khes by men and ladies covering their heads is the third form of respect. In different countries, devotees may vary the type of clothes they wear according to time, however they should be clean and respectful. |
| | |
| ૪. અંજલિ<br>ભગવાનના મુખનું દર્શન થતાંની સાથે અંજલિ નમસ્કાર કરી, મસ્તક નમાવીને 'નમો જિણાણં' બોલવું, એ ચોથા પ્રકારનો વિનય છે. | 4. Anjali<br>Seeing Bhagwan on entering the temple, offering the first salutation by slightly bowing down, touching the forehead with folded hands and say 'Namo Jinanam'. |

| પ્રભુ દર્શન વિધિ ચાલુ....... | Prabhu Darshan Vidhi continued……. |
|---|---|
| પુનરાવર્તન: | Revision: |
| ૧. જિન મંદિર પ્રવેશ<br>ધજા નિહાળતા 'નમો જિણાણં' કહેવું | 1. Entry into the Derasar<br>Recite 'Namo Jinanam' whilst seeing the Dhaja (Flag) |
| ૨. તિલક | 2. Tilak |
| ૩. પ્રથમ નિસીહિ -<br>જિનાલયના મુખ્યદ્વારેથી પ્રવેશ કરતા બોલવી. | 3. First Nisiihi<br>Recite the first Nisiihi at the main entrance when entering the Derasar. |
| ૪. પહેલો પ્રણામ<br>પ્રથમ નિસીહિ પછી પરમાત્માનું મખુ જોતાંની સાથે બન્ને હાથ જોડી મસ્તક નમાવી પહલો પ્રણામ કરવો. 'નમો જિણાણં' કહેવું | 4. The First Pranam<br>After the first 'Nisiihi', seeing Parmatma, bow down folding both hands, taking them up to the forehead and say 'Namo Jinanam'. |
| ૫. ત્રણ પ્રદક્ષિણા<br>ભગવાનની જમણી બાજુથી ત્રણ 'પ્રદક્ષિણા'ની શરૂઆત કરવી. પ્રદક્ષિણા લેતાં દુહા અથવા પ્રાર્થના બોલી શકાય. પછી પ્રભુજી સન્મુખ એક ખમાસમણ દેવું. દરેક પ્રદક્ષિણા પછી પ્રભુજીની સન્મુખ એક ખમાસમણ દેવું | 5. Three Pradakshinas<br>Proceed to take three 'Pradakshinas' (circumambulations) of Parmatma, starting from the right side of Bhagwan. Duha or Prarthna can be recited while taking and the Pradakshina. Take one Khamasaman before Prabhuji after each Pradakshina. |

| | |
|---|---|
| પ્રભુ દર્શન ચાલુ....... | Prabhu Darshan continued……. |
| ભાઈઓએ પરમાત્માની જમણી બાજુએ અને બહેનોએ ડાબી બાજુએ ઊભા રહીને દર્શન કરવા જોઈએ. દર્શન કરતી વખતે બે હાથ જોડીને ભાવવાહી સ્તુતિ બોલવી. | Men should stand to the right and women should stand to the left side of Parmatma. For Darshan, fold both hands and recite a devotional Stuti. |
| | |
| સ્તુતિ | Stuti |
| દર્શનં દેવદેવસ્ય, દર્શનં પાપ નાશનમ્, | Darshanam Dev Devasya, Darshanam Paap Naashanam, |
| દર્શનં સ્વર્ગ સોપાનં, દર્શનં મોક્ષ સાધનમ્. | Darshanam Svarg Sopaanam, Darshanam Moksha Saadhanam. |
| સ્તુતિ | Stuti |
| દયાસિંધુ દયાસિંધુ, દયા કરજે દયા કરજે, | Daya Sindhu Daya Sindhu, Daya Karje Daya Karje, |
| મને આ જંજીરોમાંથી, હવે જલદી છૂટો કરજે. | Mane Aa Zanziromaathi, Have Jaldi Chhuto Karje. |
| નથી આ તાપ સહેવાતો, ભભૂકી કર્મની જ્વાળા, | Nathi Aa Taap Sahevaato, Bhabhuki Karmani Jvaala, |
| વરસાવી પ્રેમની ધારા, હૃદયની આગ બુઝવજે. | Varsaavi Premni Dhaara, Hradhayani Aag Bujaavje. |

| સ્તુતિ | | Stuti |
|---|---|---|
| દાદા તારી મુખ મુદ્રાને, અમિય નજરે નિહાળી રહ્યો, | | Dada Taari Mukh Mudraane, Amiya Najare Nihaali Rahyo, |
| તારા નયનોમાંથી ઝરતું, દિવ્ય તેજ હું ઝીલી રહ્યો. | | Taara Nayanomaathi Zhartu, Divya Tej Hun Zhili Rahyo. |
| ક્ષણભર આ સંસારની માયા, તારી ભક્તિમાં ભૂલી ગયો, | | Skshanbhar Aa Sansaar Ni Maaya, Taari Bhakti Ma Bhuli Gayo, |
| તુજ મૂર્તિમાં મસ્ત બનીને, આત્મિક આનંદ માણી રહ્યો. | | Tuj Murtima Mast Banine, Aatmik Anand Maani Rahyo. |

| પ્રભુ દર્શન-પૂજા | | Prabhu Darshan-Puja |
|---|---|---|
| આવતા કોર્સમાં અષ્ટપ્રકારી પૂજા વિશે વિગતવાર સમજણ આપવામાં આવશે. | | Details of the Ashtaprakari Puja will be explained in the next course. |

| ધૂપ પૂજા – દ્રવ્ય પૂજા | | Dhoop Puja - Dravya Puja |
| --- | --- | --- |
| ભગવાનની ડાબી બાજુએ ગભારાની બહાર ધૂપ પૂજા કરવી. | | Perform the Dhoop Puja on the left side of Bhagwan outside the sanctum. |
| ધૂપ પૂજાનો હેતુ | | Purpose of Dhoop Puja |
| આ પૂજા દ્વારા, જેમ ધૂપમાંથી નીકળતો ધૂમાડો ઊંચે જાય તેમ પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા-પ્રેમ-ભક્તિ દરરોજ વધારે ને વધારે ઊંચે વધે અને આત્મા ઉચ્ચ ગતિની પ્રાપ્તિ કરે. | | By this Puja, just as the smoke of incense always ascends upwards, may the faith, love and devotion for Prabhuji increase everyday and the soul transcend in the upper direction to attain salvation. |
| હે પ્રભુ! | | Oh Lord! |
| હું પ્રાર્થના કરું છું કે જેમ ધૂપ દુર્ગંધને દૂર કરી સુગંધ ફેલાવે છે, તેમ મારામાંથી મિથ્યાત્વની દુર્ગંધ ઘટે, એટલે કે, ક્રોધ, અહમ, કપટ, લોભ દૂર થઈ સમ્યગ્-દર્શનની સુગંધ ફેલાય.' | | Just as the incense drives away the foul smell and spreads its fragrance, I pray that the foul smell of mithyatva i.e. wrong belief and my kashaays i.e. anger, ego, deceit, greed are driven away and the fragrance of right belief spreads.' |

| ધૂપ પૂજાનો દુહો | Dhoop Puja Duho |
|---|---|
| ધ્યાનઘટા પ્રગટાવીએ, વામનયન જિન ધૂપ,<br>મિચ્છિત દુર્ગંધ દૂરે ટળે, પ્રગટે આત્મ સ્વરૂપ. | Dhyaanghata Pragataavie, Vaamanayan Jina Dhoop,<br>Michhit Durgandh Dure Taley, Pragate Aatma Swarup. |
| ધૂપ પૂજા કરતા બોલવું | Recite whilst performing Dhoop Puja |
| અમે ધૂપની પૂજા કરીએ રે, ઓ મન માન્યા મોહનજી, | Ame Dhoopni Puja Kariye Re, O Man Maanya Mohanji, |
| પ્રભુ ધૂપઘટા અનુસરીયે રે, ઓ મન માન્યા મોહનજી, | Prabhu Dhoopghata Anusariye Re, O Man Maanya Mohanji, |
| પ્રભુ નહિ કોઈ તમારી તોલે રે, ઓ મન માન્યા મોહનજી, | Prabhu Nahi Koi Tamaari Tole Re, O Man Maanya Mohanji, |
| પ્રભુ અંતે છે શરણ તમારું રે, ઓ મન માન્યા મોહનજી. | Prabhu Ante Chhe Sharan Tamaaru Re, O Man Maanya Mohanji. |
| | |
| ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય ધૂપં યજામહે સ્વાહા: | Om Hrim Shrim Parampurushaay Parmeshvraay Janma-jara-mrutyu-nivarnaay Shrimate Jinendraay Dhoopam Yajamahe Swaaha! |



ધૂપિયું – Dhoopiyu

# સવાલોના જવાબ

# ANSWERS TO QUESTIONS